સંદેશ, ગાંધીનગર, પાના નંબર :- ૦૧.
તારીખ :- ૧૧/૦૬/૨૦૨૬.

### ગાંધીનગર -અમદાવાદ વચ્ચે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪થી મેટ્રો ટ્રેન શરૂ થઈ હતી

# ૬૦૦ દિવસમાં મેટ્રોમાં ૪૬.૬૫ લાખ લોકોની મુસાફરી

## દૈનિક ૭૭૭૫ લોકોની મુસાફરી : જૂનમાં પાંચ લાખ લોકો સફર કરે તેવી શક્યતા : મેટ્રોએ અમદાવાદ-ગાંધીનગર ટ્વીનસિટી વચ્ચે શહેરી કનેક્ટિવીટીને નવી ગતિ આપી

| ગાંધીનગર |

ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી મેટ્રોરેલએ પબ્લીક ટ્રાન્સપોર્ટના માળખાને વધુ મજબુત કર્યુ છે. ગાંધીનગરમાં ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪થી મેટ્રોરેલનો સત્તાવાર પ્રારંભ થયો હતો. ત્યારથી આજદિન સુધીના ૬૦૦ દિવસમાં ૪૬.૬૫ લાખ લોકોએ મેટ્રોરેલની મુસાફરોની લાભ લીધો છે. આ આંકડા પ્રમાણે ગાંધીનગરથી દૈનિક ૭૭૭૫ મુસાફરો મેટ્રોરેલમાં મુસાફરી કરી રહ્યા છે. જે આંકડો દિનપ્રતિદિન કુદકેને ભુસકે વધી રહ્યો છે. આ માસના અંત સુધીમાં એટલેકે, માત્ર જુન મહિનામાં જ પાંચ લાખથી વધુ લોકો મેટ્રોરેલમાં મુસાફરી કરે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છેકે, અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલ સેવા શરૂ થવાના કારણે ટ્વીનસિટી ગણાતા આ બંને શહેરોમાં શહેરી કનેક્ટિવીટીની ગતિમાં વધારો થયો છે. લોકોને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તી મળી છે. સસ્તી અને આરામદાયક મુસાફરીની સુવિધા ઉપલબ્ધ બની છે. ધીમેધીમે મેટ્રોરેલ સેવા મુસાફરોમાં લોકપ્રિય બની રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્યમાં વિશ્વસ્તરીય મેટ્રોરેલ નેટવર્કની પરિકલ્પના કરી હતી. જેનો ઉદ્દેશ ટ્રાફિકના દબાણમાં ઘટાડો, શહેરો વચ્ચે વધુ સારી કનેક્ટીવીટી અને કાર્યક્ષમ જાહેર પરિવહન વ્યવસ્થા દ્વારા શહેરી વિકાસને નવી ગતિ આપવાનો હતો. આ ઉદ્દેશને મેટ્રોરેલ સેવાએ પરિપુર્ણ કરી છે. મેટ્રોરેલના સેકન્ડ ફેઝમાં અમદાવાદ મેટ્રોને ગાંધીનગર સાથે જોડવામાં આવી છે. ગાંધીનગરમાં હાલ મેટ્રોરેલના ૨૬ જેટલા સ્ટેશનો કાર્યરત છે. મોટેરા સ્ટેડિયમથી લઈને મહાત્મા મંદિર સુધીના સ્ટેશનો પર મેટ્રોરેલ દોડી રહી છે. જેનો લાભ ગાંધીનગરવાસીઓએ ભરપુર ઉઠાવ્યો છે. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૯ જુન ૨૦૨૬ સુધીના ૬૦૦ દિવસના મેટ્રોરેલની સેવા દરમિયાન માત્ર ગાંધીનગરથી જ ૪૬.૬૫ લાખ લોકોએ મુસાફરી કરી છે. એટલેકે, ગાંધીનગરથી દૈનિક સરેરાશ ૭૭૭૫ લોકો મેટ્રોરેલમાં મુસાફરી કરી રહ્યા છે. મેટ્રોરેલની મુસાફરીના માસિક આંકડા તરફ દ્રષ્ટિપાત કરીએ તો સપ્ટેમ્બર -૨૦૨૪માં પ્રથમ મહિને માત્ર ૫૦ હજાર લોકોએ મુસાફરી કરી હતી. જેની સંખ્યામાં દર મહિના સતત વધારો થઈ રહ્યો છે. મે-૨૦૨૫ના મહિનામાં આ આંકડો એક લાખને આંબીને ૧.૫૮ લાખ મુસાફરો સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ માસિક બે લાખ મુસાફરોની સંખ્યા સુધી પહોંચવા માત્ર બે મહિના લાગ્યા હતા. જુલાઈ-૨૦૨૫ના મહિનામાં ૨.૫૮ લાખ મુસાફરોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી. જ્યારે જાન્યુઆરી -૨૦૨૬ના મહિનામાં આ આંકડો વધીને ૩.૬૯ લાખ પહોંચ્યો હતો. ગત ફેબ્રુઆરી મહિનામાં ૪.૨૯ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી. જ્યારે જુન મહિનામાં ૪.૯૬ લાખ મુસાફરો નોંધાયા હતા. જુન મહિનાના માત્ર નવ દિવસમાં મુસાફરોની સંખ્યા ૧.૫૩ લાખ નોંધાઈ છે. જે જુનના અંત સુધીમાં પાંચ લાખને આંબી જાય તેવી શક્યતા જોવાઈ રહી છે. આ આંકડો અમદાવાદ ગાંધીનગરમાં જાહેર પરિવહન ક્ષેત્રે આવેલા પરિવર્તનને પ્રતિબિંબ કરે છે. મહિને લાખો વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને પ્રવાસીઓ પોતાની અવરજવર માટે મેટ્રોને



### દર મહિને ગાંધીનગરથી નોંધાયેલા મેટ્રોરેલના મુસાફરોની સંખ્યા

| મહિનો | મુસાફરોની સંખ્યા (લાખમાં) |
|---|---|
| સપ્ટેમ્બર-૨૦૨૪ | ૦.૫૦ |
| ઓક્ટોબર-૨૦૨૪ | ૦.૬૩ |
| નવેમ્બર-૨૦૨૪ | ૦.૬૩ |
| ડિસેમ્બર-૨૦૨૪ | ૦.૫૯ |
| જાન્યુઆરી-૨૦૨૫ | ૦.૬૮ |
| ફેબ્રુઆરી-૨૦૨૫ | ૦.૬૩ |
| માર્ચ-૨૦૨૫ | ૦.૭૭ |
| એપ્રિલ-૨૦૨૫ | ૦.૮૩ |
| મે-૨૦૨૫ | ૧.૫૮ |
| જુન-૨૦૨૫ | ૧.૭૯ |
| જુલાઇ-૨૦૨૫ | ૨.૨૨ |
| ઓગષ્ટ-૨૦૨૫ | ૨.૫૮ |
| સપ્ટેમ્બર-૨૦૨૫ | ૨.૬૩ |
| ઓક્ટોબર-૨૦૨૫ | ૨.૨૬ |
| નવેમ્બર-૨૦૨૫ | ૨.૪૪ |
| ડિસેમ્બર-૨૦૨૫ | ૨.૭૬ |
| જાન્યુઆરી-૨૦૨૬ | ૩.૬૯ |
| ફેબ્રુઆરી-૨૦૨૬ | ૪.૨૯ |
| માર્ચ-૨૦૨૬ | ૪.૨૦ |
| એપ્રિલ-૨૦૨૬ | ૪.૪૭ |
| મે-૨૦૨૬ | ૪.૯૬ |
| જુન-૨૦૨૬ | ૧.૫૩ |